એન્ડ્રોકલ્સ અને સિંહ



ઈસપ દંતકથા

એન્ડ્રોકલ્સ અને સિંહ



ઈસપ દંતકથા

ઘણા સમય પહેલા, એન્ડ્રોકલ્સ
નામનો એક માણસ હતો.

એ બહુ
ગરીબ હતો
...



પણ એ દયાળુ હતો.



એન્ડ્રોકલ્સ, બ્રુટસ નામના એક શ્રીમંત
માણસ માટે કામ કરતો હતો.



બ્રુટસ, રોમ શહેર ની બહાર
એક મોટા ઘર માં રહેતો
હતો.

બ્રુટસ એના ગુલામો પાસે કઠોર

પરિશ્રમ કરાવતો હતો. રોજ
એન્ડ્રોકલ્સ દાદરા ની

સફાઈ કરતો ...



જમીન ઘસી ને
સાફ કરતો ...



પથારી કરતો ...



ખાવાનું બનાવતો ...





ભોજન પીરસતો ...

અને વાસણ ધોતો હતો.




પણ બ્રુટસ એને કોઈ પૈસા નહોતો આપતો.

એન્ડ્રોકલ્સ ને દિવસ માં સુકાયેલી રોટલી નો ફક્ત એક ટુકડો મળતો હતો.



એક રાતે, એન્ડ્રોકલ્સે ભાગવાનો નિર્ણય કર્યો.

એ બારી માં થી બહાર નીકળ્યો.



અને જંગલ માં ભાગી ગયો.

એન્ડ્રોકલ્સ આ પહેલા ક્યારેય
જંગલ માં ગયો ન હતો.
એ અંધારું અને બિહામણું હતું.



અચાનક એને એક ઝાડી પાછળ
થી મોટો અવાજ સંભળાયો.

ગર્જના!

એન્ડ્રોકલ્સ કૂદ્યો.

"કોણ ... ત્યાં કોણ છે?" એણે બૂમ
પાડી.

એણે ઝાડી ની ચારે બાજુ
જોયું અને જોયું ...

ગર્જના!



એક વિશાળકાય સિંહ.

એન્ડ્રોકલ્સ ડર નો માર્યો ભાગ્યો.

પણ સિંહ એન્ડ્રોકલ્સ ની પાછળ ભાગ્યો નહીં.
સિંહ ત્યાંજ બેઠો રહ્યો, એક પથ્થર ની જેમ સ્થિર.



એન્ડ્રોકલ્સ ને નવાઈ લાગી.
એ પાછો ફર્યો. "તેં મારો પીછો કેમ ન કર્યો?" એણે પૂછ્યું.

"હું દોડી નથી શકતો," સિંહે કહ્યું.

"હું ચાલી પણ નથી શકતો. મારા પંજા
માં એક કાંટો ધુસી ગયો છે."




"બિચારો," એન્ડ્રોકલ્સે કહ્યું.

"હું તારી મદદ કરીશ."

એણે કાંટો પકડયો.

"થોડું દર્દ જરૂર થશે."



એન્ડ્રોકલ્સ થી જેટલી જલ્દી થઈ શકે

એણે કાંટા ને બહાર ખેંચી લીધો.

"બાપ રે!" સિંહે ચીસ પાડી.
"કામ થઈ ગયું," એન્ડ્રોકલ્સે કહ્યું.



"તારો આભાર!" સિંહ ખુશી
થી બોલ્યો. "હું લિયો છું."

સિંહે સ્મિત કર્યું અને
પ્રેમથી એન્ડ્રોકલ્સ ને ચાટ્યો.

સ્લર્પ!



ત્યારથી, એન્ડ્રોકલ્સ અને
લિયો શ્રેષ્ઠ મિત્રો બની ગયા.

એ જંગલ ની વચ્ચે એક ગુફા માં રહેતા
હતા.



એ રોજ ભોજન માટે

શિકાર કરતા હતા,







અને રોજ રાતે,

એની ભાગીદારી
કરતા હતા.

એક સવારે, એન્ડ્રોકલ્સે


એક અજનબી ને જોયો.



એ ચોર પગલે ચાલી ને પાસે ગયો.

"એક સૈનિક!" એન્ડ્રોકલ્સે વિચાર્યું.
"એને શું જોઈએ છે?"





સૈનિકે થોડા કાગળ ખોલ્યા.
એન્ડ્રોકલ્સ હાંફવા લાગ્યો.

ત્યાં, એન્ડ્રોકલ્સ ના નાક પર એક
માખી બેઠી. એને ગલીપચી થઈ.

હાકછૂ!



"અરે!" સૈનિકે બૂમ પાડી.

"ત્યાં જ ઉભો રહે!"

સૈનિકે એની તલવાર કાઢી.




એન્ડ્રોકલ્સ દોડયો.

સૈનિકે ઝાડવા ની વચ્ચે
એન્ડ્રોકલ્સ નો પીછો કર્યો.



પહાડ ની ઉપર...

પહાડી ની નીચે...



નદી ને પાર...

અને જંગલ ની બહાર.

એન્ડ્રોકલ્સ એટલો થાક્યો
કે એને થોભવું પડયું.

સૈનિકે એન્ડ્રોકલ્સ ને

પકડી ને ગાડી માં ફેંક્યો.



"શું તું મને પાછો બ્રુટસ પાસે લઈ જઈ

રહ્યો છે?" એન્ડ્રોકલ્સે હાંફીને પૂછ્યું.

"નહીં," સૈનિકે બૂમ પાડી.

"હવે તું રોમ જઈ રહ્યો છે."




"કેમ?" એન્ડ્રોકલ્સે પૂછ્યું.

"તું જોજે," સૈનિકે કહ્યું.


એન્ડ્રોકલ્સ ની રોમ ની યાત્રા
ખાડાટેકરાવાળી હતી.

શહેર માં બહુ ભીડ અને શોર હતા.

એણે આટલા લોકો પહેલા ક્યારેય જોયા ન હતા.



ત્યાં એની નજર એક મોટા,
ગોળ મકાન પર પડી.
"એ શું છે?" એન્ડ્રોકલ્સે પૂછ્યું.



"એ અખાડો છે," સૈનિકે કહ્યું.
"તું ત્યાં જ જઈ રહ્યો છે."

"ત્યાં શું થાય છે?" એન્ડ્રોકલ્સે પૂછ્યું.
"તને થોડી વાર માં ખબર પડી જશે," સૈનિકે કહ્યું.

ક્લિનકસ નામના માણસે એન્ડ્રોકલ્સ
ને ગાડી માં થી ખેંચી ને બહાર કાઢ્યો.



તેઓ એન્ડ્રોકલ્સ ને અખાડા માં લઈ
ગયા, સિંહ ના એક પાંજરા ની સામેથી.



એ સિંહ લીઓ જેવા કોમળ ન હતા.

ગર્જના! ઘુરકાટ!



"એ સિંહ અહીં કેમ છે?" એન્ડ્રોકલ્સે
ગભરાઈને પૂછ્યું.
"તને જલ્દી ખબર પડશે,"
ક્લિનકસે કહ્યું.

ત્યાર બાદ એન્ડ્રોકલ્સ ને માર્કો નામના એક માણસ સાથે જેલ માં બંધ કરી દેવાયો.



"હવે શું થશે?" એન્ડ્રોકલ્સે પૂછ્યું.

"આપણે અખાડા માં લડશું," માર્કો એ કહ્યું.

"પણ હું તારી સાથે લડવા નથી માંગતો," એન્ડ્રોકલ્સે કહ્યું.

"આપણે એક-બીજા સાથે નહીં લડીએ," માર્કો એ નિસાસો નાખ્યો.



"આપણે સિંહ સાથે લડવાનું છે."

એન્ડ્રોકલ્સ ગળા નું થૂંક ગળી ગયો.



"રોમ ના બધા લોકો જોવા આવશે,"
માર્કો એ કહ્યું. "સમ્રાટ પણ આવશે."

"આપણી લડાઈ કાલે બપોરે થશે,"
માર્કો એ કહ્યું.



એ રાત્રે એન્ડ્રોકલ્સ અને માર્કો
બન્ને ને બિલકુલ ઊંઘ ન આવી.

બીજે દિવસે બપોરે, ક્લિનકસ
એન્ડ્રોકલ્સ ને જેલ માંથી ખેંચી
ને બહાર લઈ ગયો.



એ એને એક લાંબી અંધારી
સુરંગ માં થી એક દરવાજા સુધી
લઈ ગયો.


ક્લિનકસે એન્ડ્રોકલ્સ ને
દરવાજા માં થી અંદર ધકેલી
દીધો.



હવે એન્ડ્રોકલ્સ અખાડા
ની વચ્ચોવચ્ચ ઉભો
હતો.

એની આસપાસ હજારો લોકો બેઠા હતા.
એમણે એને ખૂબ પ્રોત્સાહન આપ્યું.

બાજુ ની દીવાલ માં એક ફાટક ખુલ્યું,
અને એક ખૂંખાર સિંહ બહાર આવ્યો.



એન્ડ્રોકલ્સ ડર થી કંપવા લાગ્યો.
ત્યાં છુપાવાની કોઈ જગ્યા ન હતી.

એન્ડ્રોકલ્સે એની આંખો બંધ કરી લીધી.
"લાગે છે કે ખેલ જલ્દી પૂરો
થઈ જશે," એણે વિચાર્યું.



ત્યાં કંઇક અજબ થયું.

એન્ડ્રોકલ્સ ને લાગ્યું કે કોઈ એનો હાથ
ચાટી રહ્યું છે. એણે જયારે આંખો ખોલી...
તો એની સામે હતો લિયો - એનો મિત્ર!



"મને કાલે રાતે પાકડવામાં આવ્યો," લિયો એ કહ્યું.
"પછી એ મને લડવા માટે અહીં લઈ આવ્યા."

એન્ડ્રોકલ્સે એના મિત્ર ને ગળે લગાવ્યો.
ભીડ ને એ જોઈને વિશ્વાસ ન થયો.



"એન્ડ્રોકલ્સે સિંહ ને વશ માં કરી લીધો છે,"
એમણે બૂમ પાડી.
"એ મહાન હીરો છે!"



ક્લિનકસ એન્ડ્રોકલ્સ ને સમ્રાટ પાસે લઈ ગયો.


"તું બહુ બહાદુર નીકળ્યો," સમ્રાટે કહ્યું.
"હવે હું તને આઝાદ કરી દઈશ."



એન્ડ્રોકલ્સે એના દોસ્તો વિષે વિચાર્યું.
"બહુ મહેરબાની થશે જો તમે માર્કો અને
સિંહ ને પણ આઝાદ કરી દ્યો?"

સમ્રાટે સ્મિત કર્યું.

"ઠીક છે," એણે કહ્યું.



એન્ડ્રોકલ્સ અને એના મિત્રે રોમ છોડી દીધું.

પછી એમણે પોતાનો શો શરુ કર્યો.

આ શો માં કોઈ ને લડવાનું ન હતું.



એન્ડ્રોકલ્સ અને સિંહ ઈસપ ની દંતકથાઓ માં થી એક પર આધારિત છે. આ વાર્તાઓ લગભગ 4000 વર્ષો પૂર્વે ગ્રીસ માં કહેવામાં આવતી હતી.

